અપીલ અરજી નં.૪૧૭ તા.૨૪–૨–૧૦

અરજદારઃ– શ્રી અબ્દુલ્લાહ એસ.પટેલ

સામાવાળાઃ–૧ ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (જેએનએનયુઆરએમ)
૨.આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (સ્લમઅપગ્રેડેશન સેલ)
૩. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સ્લમઅપગ્રેડેશન સેલ)
૪. ડે.કમિશ્નર(પએનઈ) અને જાહેર માહિતી અધ્કિારી (કતારગામઝોન)
૫.ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અબ્દુલ્લાહ એસ.પટેલની તા.૫–૧–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ ભારત સરકારી જેએનએનયુઆરએમ માટે ડીપીઆર બનાવવા વિશે આપેલ સુચના પ્રમાણે (અ) બાયોમેટ્રીક સર્વેના આધારે થયેલ લાભાર્થીઓનું લીસ્ટ જે વેબસાઈટ પર મુકયું હોય તેની પૂરી લીંક (બ) આ લાભાર્થીઓનું લીસ્ટ કોઈ જાહેર જગ્યાએ મુકવાનું હોય છે તો કયાં મુકયું છે (ક) બાંધકામના સુપરવીઝન માટે તેના લાભાર્થીઓની કમિટિ બનાવવાની હોય છે આ કમિટિઓની વિગતો. વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૪–૨–૧૦ ની અપીલ અરજી નં.૪૧૭/૨૦૦૯–૧૦

શ્રી અબ્દુલ્લાહ એસ.પટેલની તા.૫–૧–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ ભારત સરકારી જેએનએનયુઆરએમ માટે ડીપીઆર બનાવવા વિશે આપેલ સુચના પ્રમાણે (અ) બાયોમેટ્રીક સર્વેના આધારે થયેલ લાભાર્થીઓનું લીસ્ટ જે વેબસાઈટ પર મુકયું હોય તેની પૂરી લીંક (બ) આ લાભાર્થીઓનું લીસ્ટ કોઈ જાહેર જગ્યાએ મુકવાનું હોય છે તો કયાં મુકયું છે (ક) બાંધકામના સુપરવીઝન માટે તેના લાભાર્થીઓની કમિટિ બનાવવાની હોય છે આ કમિટિઓની વિગતો. વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને નોડલ ઓફિસર જેએનએનયુઆરએમ તથા જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ટીપીડી/ જેએનએનયુઆરએમ/૧૧૫ તા.૨૧–૧–૧૦ થી આપેલ માહિતી અધૂરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૦૨ તા.૪–૩–૧૦ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (જેએનએનયુઆરએમ)) તથા અરજદારને અપીલ અરજીમાં અન્ય જાહેર માહિતી અધિકારીને તેઓની જાણ હેઠળ અરજી તબદીલ થયેલ હોય તો તેની અને તેઓ કક્ષાએથી મળેલી માહિતી પત્રોની નકલોની તથા તે સામે નારાજગીની વિગત અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/જેએનએનયુઆરએમ/૧૬ આરટીઆઈ તા.૧૧–૩–૦૯/૧૦ ના રોજ અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (જેએનએનયુઆરએમ) નં.ટીપીડી/જેએનએનયુઆરએમ/૧૪ આરટીઆઈ તા.૧ ૨–૧–૧૦ થી આસી.કમિશ્નર,કાર્યપાલક ઈજનેર (સ્લમ અપગ્રેડેશન સેલ અને પીઆરઓ ને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૧૩૮૪ તા.૭–૧–૧૦ થી ટાઉન પ્લાનર (જેએનએનયુઆરએમ સેલ), કાર્યપાલક ઈજનેર (સ્લમ અપગ્રેડેશન સેલ) , કાર્યપાલક ઈજનેર (રાંદેરઝોન), અને કાર્યપાલક ઈજનેર (કતારગામઝોન) ને તબદીલ કર્યા અંગેની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને નોડલ ઓફિસર તેમજ જાહેર માહિતી અધિકારી (જેએનએનયુઆરએમ) કક્ષાએથી પાઠવેલ ફી ભરવા જણાવતા પત્ર નં.ટીપીડી/ (જેએનએનયુઆરએમ) /નં.૧૫ આરટીઆઈ તા.૨૧–૧–૧૦ના પત્રની નકલ, ટાઈમલાઈન ફોર રીફોર્મસ ના પત્રકની નકલ, અરજદારની ફી દસ્તાવેજ ફી ભર્યાની રસીદ નં.૨૫૮૫૨૧ તા.૨૫–૧–૧૦ ની નકલ, અરજદારનો ડ્રાઈવીંગ લાઈસન્સની નકલ, અરજદારની દસ્તાવેજ ફી ભર્યાના પહોંચની નકલની માહિતી અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૫–૧–૧૦ ની અરજીથી મુદ્દા ન.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ ભારત સરકારી જેએનએનયુઆરએમ માટે ડીપીઆર બનાવવા વિશે આપેલ સુચના પ્રમાણે (અ) બાયોમેટ્રીક સર્વેના આધારે થયેલ લાભાર્થીઓનું લીસ્ટ જે વેબસાઈટ પર મુકયું હોય તેની પૂરી લીંક (બ) આ લાભાર્થીઓનું લીસ્ટ કોઈ જાહેર જગ્યાએ મુકવાનું હોય છે તો કયાં મુકયું છે (ક) બાંધકામના સુપરવીઝન માટે તેના લાભાર્થીઓની કમિટિ બનાવવાની હોય છે આ કમિટિઓની વિગતો. મુદ્દા ન.૨ જેએનએનયુઆરએમના એમઓએ માં કોમ્યુનીટી પાર્ટીસીપેશન લો બાબતે કરેલ સબમીશનની સંપૂર્ણ વિગતો કેટલા સમયમાં ઈન્ટેરીમ પ્રોસેસ અને કેટલા સમયમાં ફાઈનલ એનએકટમેન્ટ થશે તેની વિગતો. મુદ્દા નં.૩. કોમ્યુનીટી પાર્ટીસીપેશન લો હેઠળ સુરત મહાનગપાલિકા ધ્વારા થયેલ કાર્યવાહીની સંપૂર્ણ વિગત. મુદ્દા નં.૪ નં.૩ માં જણાવેલ કાયદા હેઠળ એરિયાસભા વિસ્તાર સભાઓનું આયોજન કયા પ્રોજેકટ માટે થયું? મુદ્દા નં.૫ તાપી નદીમાં પાણીના

કેટલા કેટલા લેવલ પર રાંદેરના સુરત મહાનગરપાલિકાના ખાલી પ્લોટ બાપુનગર અને કોસાડ ( નુર્મ ઘર બને છે ત્યાં) કેટલા ફુટ પાણીથી પૂરગ્રસ્ત બનશે તેના અભ્યાસની સંપૂર્ણ વિગતો. મુદ્દા નં.૬ ભુતકાળમાં આવેલ પૂર સમયે નોંધાયેલ વિગતો નં ૫ માં જણાવેલ ત્રણેય વિસ્તાર માટેની માંગણી કરતી અરજી કરવામાં આવેલ છે. જે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૧૩૮૪ તા.૭–૧–૧૦ થી ટાઉન પ્લાનર (જેએનએનયુઆરએમ સેલ), કાર્યપાલક ઈજનેર (સ્લમ અપગ્રેડેશન સેલ) , કાર્યપાલક ઈજનેર (રાંદેરઝોન), અને કાર્યપાલક ઈજનેર (કતારગામઝોન) ને તબદીલ કરવામાં આવેલ. તેમજ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/ (જેએનએનયુઆરએમ) /નં.૧૪ આરટીઆઈ તા.૧ ૨–૧–૧૦ થી આસી. કમિશ્નરશ્રી, કાર્યપાલક ઈજનેર સ્લમઅપગ્રેડેશન સેલ અને જન સંપર્ક અધિકારી ને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિ.( પીએન્ડડી)ના અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં.ટીપીડી/જેએનએનયુઆરએમ) નં.૧૬ આરટીઆઈ તા.૧૧–૩–૦૯/૧૦ થી અત્રેના વિભાગને મળેલી પૂરક માહિતીમાં મુદ્દા નં.૧ ,૩,૪,૫ અને ૬ જેએનએનયુઆરએમ સેલને લગતા ન હોય તથા તેની માહિતી સેલ કચેરી ખાતે ઉપલબ્ધ ન હોય અરજી તબદીલ કરવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૨ બાબતે પત્ર નં.ટીપીડી/જેએનેઅનયુઆરએમ/૧૫ આરટીઆઈ તા.૨૧–૧–૧૦ થી અરજદારને "માહિતી અધિકાર અધિનિયમ હેઠળ જેએનએનયુઆરએમ ના એમઓએ માં કોમ્યુનીટી પાર્ટીસીપેશન લો બાબતમાં ઈન્ટેરીમ પ્રોસેસ તેમજ ફાઈનલ એનએકટમેન્ટ ની વિગતો માંગેલ. જે મુજબ એમઓએમાં દર્શાવેલ રાજય સરકારના રીફોર્મ્સ એજન્ડા અંતર્ગત કોમ્યુનીટી પાર્ટીસીપેશન લો ના રીફોર્મ્સની ટાઈમ લાઈનની વિગતોની નકલ મેળવવા પ્રતિ પાના દીઠ રૂા.૨/– મુજબ કુલે રૂા.૧૬/– સુરત મહાનગરપાલિકામાં જમા કરાવી તેની રસીદ રજૂ કર્યેથી આપવામાં આવશે. તેવો પત્ર પાઠવેલ. જે અરજદારે રસીદ નં.૨૫૮૫૨૧ તા.૨૫–૧–૧૦ ના રોજ જમાં કરાવી માહિતી મેળવ્યાની સહી સાથેની રસીદ પહોંચની નકલ રજૂ કરેલ છે. જયારે અન્ય જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. અરજદારે તા.૨૪–૨–૧૦ ના રોજ મુદ્દા નં.૩,૪,૫ અને ૬ ની માહિતી મળેલ નથી એવું જણાવી મુદ્દા નં.૩ માં સીપીએલ હેઠળ એરીયા સભાનું આયોજન શરૂ થયું છે કે કેમ અને કેટલી સભાઓ થઈ મુદ્દા નં.૪ નો જવાબ પણ નથી મુદ્દા નં.૫ માં જણાવેલ ૩ વિસ્તારો માટે પૂરના થયેલા અભ્યાસની વિગત માંગેલ છે જે મળેલ નથી. રાંદેરમાં આવેલ સુરત મહાનગપાલિકાના ખાલી પ્લોટ બાપુનગર વિસ્તાર અને કોસાડમાં નુર્મના ઘર છે ત્યાં તાપી નદીના કેટલા લેવલ ઉપર પાણી આવે ત્યારે ત્યાં કેટલા ફુટ પાણી આવે આ અભ્યાસો થયેલા છે. છાપામાં આવ્યું છે કે સુરત મહાનગરપાલિકાએ આવા અભ્યાસ કરાવ્યા છે. મુદ્દા નં.૬. ભુતકાળમાં નોંધાયેલી વિગતોમાં કતારગામઝોનમાંથી ૨૦૦૬ ની માહિતી અપાઈ છે. પણ બીજા કોઈ પૂરની માહિતી નથી. છેલ્લા ૪ પૂર ની માહિતી. બાપુનગર તેમજ રાંદેરના અન્ય પ્લોટો માટે માહિતી નથી આપી. તેવી રજૂઆત અરજદારે અપીલ અરજીમાં કરેલ છે. અરજદારે મુદ્દા નં.૬ બાબતે કતારગામઝોન તરફથી ૨૦૦૬ ના પૂર બાબતેની માહિતી મળેલ છે. તેવું અરજદારે અપીલમાં જણાવેલ છે. પરંતુ મળેલી માહિતીની કોઈ વિગતો અપીલ તબકકે રજૂ કરેલ નથી. તથા ડે.કમિશ્નર(પીએન્ડડી ) તરફથી ટાઈમ લાઈન ફોર રીફોર્મ્સ ની ગર્વમેન્ટ ઓફ ગુજરાતના પત્રકની નકલ અરજદારને પૂરી પાડેલ જણાય છે. આમ અરજદારને કતારગામઝોન તરફથી મુદ્દા નં.૬ અંગે છેલ્લા પૂરની માહિતી આપેલ છે. અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી છેલ્લા ચાર પૂરોની માહિતી અપીલ તબકકે પૂરક માંગણી કરેલ છે. જે મુળ માહિતી માંગણીથી અલાયદી છે. અરજદાર પાસે પૂરક વિગતોમાં તબદીલીની વિગતો માંગવા છતાં રજૂ કરેલ ન હોઈ પ્રસ્તુત તબકકે અરજી તબદીલ થયેલ અન્ય જાહેર માહિતી અધિકારી કક્ષાની માહિતી પ્રાપ્ત થયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૧–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૩ અને ૪ માટે જો માહિતી પૂરી પાડેલ ન હોય તો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (સ્લમઅપગ્રેડેશન સેલતથા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સ્લમઅપગ્રેડેશન સેલ)ને જણાવવામાં આવે છે. જયારે મુદ્દા નં.૫ અને ૬ ની માહિતી પૂરી પાડેલ ન હોય તો મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તથા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે. અરજદારે મુળ અરજીથી અપીલ તબકકે અલાયદા ઉપસ્થિત કરેલ પ્રશ્ન અંગે લાગત જાહેર માહિતી અધિકારીને આલયદી અરજી કરીને માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (જેએનએનયુઆરએમ),આસી. કમિશ્નર તથા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સ્લમઅપગ્રેડેશન સેલ), ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન),ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ,..જાણ તથા અમલ માટે

(૨) શ્રી અબ્દુલ્લાહ એસ.પટેલ